# Bahauddin Government Science College, Junagadh

આ કોલેજમાં B.Sc. Sem 1ની ખાલી રહેતી જગ્યા પર ભક્ત કવિ નરસિંહ મેહતા યુનીવર્સીટીના પરિપત્ર મુજબ **OFFLINE પ્રવેશની પ્રક્રિયા તા.૧૬/૦૭/૨૦૨૪, મંગળવારથી** શરુ થાય છે. તો આ માટે પ્રવેશ મેળવવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓ કોલેજ ખાતે સવારે ૧૧ વાગ્યે તમામ ડોક્યુમેન્ટ સાથે ફી ભરવા રૂબરૂ આવવાનું રહેશે.

- **એડમીશન માટે વિદ્યાર્થીએ નીચે મુજબના ક્રમ અનુસાર ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સ તથા બે અલગ અલગ સેટમાં સ્વપ્રમાણીત નકલ લાવવાની રહેશે.**

1. વિષયજુથ પસંદગી ફોર્મ (કોલેજમાંથી મેળવીને ભરવું.)
2. Leaving certificate
3. SSC marksheet
4. SSC trial certificate (સ્કૂલમાંથી કાઢી આપેલ પ્રયાસનું પ્રમાણપત્ર)
5. HSC marksheet
6. HSC trial certificate (સ્કૂલમાંથી કાઢી આપેલ પ્રયાસનું પ્રમાણપત્ર)
7. જાતિનો દાખલો (અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ માટે)
8. Non-creamy layer certificate (SEBC/OBC)
9. બિનઅનામતનો દાખલો (EWS કેટેગરીના વિદ્યાર્થીઓ માટે)
10. EWS સર્ટીફીકેટ (EWS કેટેગરીના વિદ્યાર્થીઓ માટે)
11. આધાર કાર્ડ
12. Migration certificate (ગુજરાત બોર્ડ સિવાયના વિદ્યાર્થીઓ માટે)
13. પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (PEC) (ગુજરાત બોર્ડ સિવાયના વિદ્યાર્થીઓ માટે)
14. ગેપનું સોગંદનામુ (વર્ષ ૨૦૨૪ પહેલા પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે)
15. I- card form (કોલેજમાંથી મેળવીને ભરવું.)
16. SCOPE CEPT Exam form (કોલેજમાંથી મેળવીને ભરવું.)
17. પાસપોર્ટ સાઈઝના સફેદ બેકગ્રાઉન્ડ વાળા બે ફોટોગ્રાફ

- **આ કોલેજમાં B.Sc. program માટે ભરવાની થતી ફી નીચે મુજબ રહેશે:**

| Boys | Girls |
|---|---|
| • સત્ર ફી: ૧૨૪૦/-<br>• સ્કોપ પરિક્ષા ફી: ૪૫૦/- | • સત્ર ફી: ૬૪૦/-<br>• સ્કોપ પરિક્ષા ફી: ૪૫૦/- |
| **કુલ: ૧૬૯૦/-** | **કુલ: ૧૦૯૦/-** |

- **આ કોલેજમાં B.Sc. (Forensic Sciences) self-finance program માટે ભરવાની થતી ફી નીચે મુજબ રહેશે:**

| Boys | Girls |
|---|---|
| • સત્ર ફી: ૧૩૭૪૦/-<br>• સ્કોપ પરિક્ષા ફી: ૪૫૦/- | • સત્ર ફી: ૧૩૧૪૦/-<br>• સ્કોપ પરિક્ષા ફી: ૪૫૦/- |
| **કુલ: ૧૪૧૯૦/-** | **કુલ: ૧૩૫૯૦/-** |

**પરિપત્ર:**

**વિષય: GCAS અંતર્ગત શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ પ્રવેશ પ્રક્રિયા ઓફલાઈન કરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સંસ્થા/કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તથા અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ GCAS પોર્ટલ દ્વારા પ્રવેશ પ્રક્રિયા કાર્યરત છે. અગ્રસચિવશ્રી શિક્ષણ વિભાગની, માન.કુલપતિશ્રીની તા:૦૬/૦૭/૨૦૨૪ની ઓનલાઈન થયેલ બેઠક અન્વયે **જે-તે કોલેજ/સંસ્થામાં મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જગ્યા જો કોઈ બેઠક ખાલી રહેતી હોય તો** વિદ્યાર્થીઓ પાસેથી રૂ.૩૦૦ રજિસ્ટ્રેશન ફી મેળવી કોલેજ કક્ષાએથી ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. જે અંતર્ગત GCAS/GIPL તરફથી ઓફલાઈન/ઓનલાઈન ફોર્મ મુકવામાં આવશે અથવા GCAS/GIPL તરફથી ઓફલાઈન પ્રવેશ માટે જે સૂચના/માર્ગદર્શિકા આપવામાં આવે તે મુજબની અંતિમ તારીખ અથવા તા:૨૨/૦૭/૨૦૨૪ સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરી વિગતો / પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓનો ડેટા GCAS/GIPLની સુચના અનુસાર અપલોડ કરવાનો રહેશે. રજીસ્ટ્રેશન ફી રૂ.૩૦૦/- GCAS/GIPL તરફથી સૂચના મળે તે મુજબ તે ખાતામાં જમા કરાવવાની રહેશે.

વધુમાં, બી.એડ./એમ.એડ. તેમજ એલએલ.એમ. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ચેરમેનશ્રી, પ્રવેશ સમિતિ ધ્વારા સૂચવવામાં આવે તે મુજબ પ્રવેશ કાર્યવાહી અનુસરવાની રહેશે જે માટે યુનિવર્સિટી વેબસાઈટમાં શિડયુલ મુકવામાં આવશે તે ધ્યાને લઇ બી.એડ./એમ.એડ. તેમજ એલએલ.એમ. અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

ડૉ. ડી.એમ. સુખડીયા
**કા.કુલસચિવ**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૯૪૬/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ. તા.૧૫/૦૭/૨૦૨૪

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ/અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ/ચેરમેનશ્રી, બી.એડ./એમ.એડ. પ્રવેશ સમિતિ/ચેરમેનશ્રી, કાયદા વિદ્યાશાખા પ્રવેશ સમિતિ તરફ ....

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઇટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...